Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-11, Issue-2(September, 2017)

IMPACT FACTOR:3.021

PP:207to222

# વડનગરના પ્રાચીન નામો: એક અભ્યાસ

**Dr.K.G.Patel**

**Head & P.G In Charge**

**Department of History**

**M.N.College Visnagar,Gujarat,India**

**સારાંશ**

ગુજરાતમાં આનર્ત વિભાગ વધુ વિસ્તારવાળો અને પૌરાણિક તેમજ ઐતિહાસિક દ્રષ્ટિએ વધુ મહત્વ ધરાવતો આનર્ત નામ જુદા જુદા કાલે અમુક વિભાગો માટે વપરાયું હોવાના પુરાવા મળે છે. સૌરાષ્ટ્રના કિનારાનો કેટલોક વિભાગ આનર્ત તરીકે ઓળખાતો હોવાનું મહાભારતમાં જણાયું છે. અર્થાત તે કાલે આનર્તની મર્યાદા ગુજરાત કાઠિયાવાડના સમસ્ત પ્રદેશ સુધી હોવાનું જણાય છે. ત્યાર બાદ પરિસ્થિતિ અને કાળબળને કારણે ફેરફારો થતાં પાછળથી ફક્ત ઉત્તર ગુજરાતનો પ્રદેશ જ આનર્ત તરીકે ઓળખાવા લાગ્યો. આમ ઈ.સ.પૂર્વ મહાભારત કાલીન આનર્ત અને સ્કંદકાલીન એટલે ચોથા પાંચમાં સૈકાના આનર્તની મર્યાદા અને પ્રાદેશિક વિભાગોમાં મોટા ફેરફારો થતાં પાછળથી ઉત્તર ગુજરાતનો અમુક વિભાગ આનર્ત તરીકે વધુ વિખ્યાત થયો હોવાનું પુરાણો અને શિલાલેખોનાં આધારે જાણવા મળે છે. મહાભારતકાલીન આનર્તનું મુખ્ય શહેર આનર્તપુરી યાની કુશસ્થલી હોવાનું ભાગવતકારે જણાવ્યું છે. જ્યારે ઈ.સ. પછીના આનર્તનું મહાનગર આનર્તપુર હાલનું વડનગર હોવાનું વલભી દાનપત્રોને આધારે જાણી શકાય છે. ટૂંકમાં ગુજરાતના પ્રાચીન મનાતા હાલના શહેરો પાટણ, ખંભાત, વિસનગર, વિજાપુર, અમદાવાદ વગેરેનું જ્યારે અસ્તીત્વ પણ ન હતું. ત્યારે આનર્તપુર કે આનંદપુર ગુજરાતના એક મહાનગર તરીકે પ્રસિદ્ધિમાં આવ્યું છે. પૌરાણિક દ્રષ્ટિએ મહાતિર્થ સ્થાન તરીકે

જેટલું મહત્વ પુરાણકારોએ આ નગરને આપ્યું છે. તે જ પ્રમાણે તે એક જૈન તિર્થ સ્થાન તરીકે ઓળખાતું હોવાનું જૈન સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં જણાવ્યું છે. વડનગર આ અગાઉ જુદા જુદા નામોથી ઓળખાતું હતું. નાગરખંડમાં જોતા જણાય છે કે વડનગરના ચમત્કારપુર, આનંદપુર, સ્કંદપુર, નાગર એમ ચાર જુદા જુદા નામો પડ્યા હતા. કવિ વલ્લભે "નગરોત્પતિ" નામના પુસ્તકમાં આ શહેરના ચમત્કારપુર, માનપુર, આનંદપુર અને વડનગર એમ ચાર નામો ગણાવ્યા છે. પરંતુ આ નામ શાથી પડ્યા ક્યારે પડ્યા અને કોને પાડ્યા વગેરે સપ્રમાણ પુરાવાઓ ક્રમબદ્ધ મળી શકતા નથી. પણ નાગરખંડ તથા અન્ય ગ્રંથોના આધારે જે તે સમયની ઐતિહાસિક પરિસ્થિતિ વિચારી તે નામો ક્યારે અને શાથી પડ્યા તે વિષયની ચર્ચા અહિ કરવામાં આવી છે.

વડનગર શહેર ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લામાં આવેલું ઐતિહાસિક નગર છે. જે ગુજરાતના ઉત્તર ભાગમાં આવેલું છે. વડનગર મહેસાણા જીલ્લાનો મહત્વનો તાલુકો છે. વડનગર ૨૩.૭૮° ઉત્તર અક્ષાંશવૃતથી ૭૨.૬૩° પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે આવેલું છે. આનાગ્ર દરીયાની સપાટીથી આશરે ૧૪૩ મીટર (૪૬૯ ફૂટ) ની ઊંચાઈ પર આવેલું છે. વડનગર વિસનગર શહેરથી ઉત્તરમાં ૯ માઈલ અને ખેરાલુથી અગ્નિ ખુણામાં ૭ માઈલના અંતરે આવેલું છે. વડનગર જવા માટે રેલ્વે માર્ગની સુવિધા પણ છે. જે મહેસાણા થી તારંગા જતી નાની રેલ્વે લાઈન પર તે ચોથું સ્ટેશન છે. રેલ્વે સ્ટેશન અને શહેર નજીકમાં જ છે. આ ઉપરાંત રોડ દ્વારા પણ વડનગર શહેરમાં પહોંચી શકાય. બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશન એક બીજાની નજીક જ આવેલા છે.[૧]

**વડનગરની સ્થાપના**

ગુજરાતે જ્યારે ગુર્જર રાષ્ટ્ર અભિધાન ધારણ કર્યું ન હતું. ત્યારે પશ્ચિમ હિંદનો સારોય પ્રદેશ આનર્ત, લાટ, અપરાંત, સુરાષ્ટ્ર, કચ્છ વગેરે વિભાગોથી જાણીતો હતો. તેમાં આનર્ત વિભાગ વધુ વિસ્તાર વાળો અને પૌરાણિક તેમજ ઐતિહાસિક દ્રષ્ટિએ વધુ મહત્વ ધરાવતો. આનર્ત નામ જુદા-જુદા કાળે અમુક વિભાગો માટે વપરાયું હોવાના પુરાવાઓ મળે છે. વડનગરની સ્થાપના કોને કરી અને ક્યારે કરી તે માટે નાગરખંડ અને ટોડ રાજસ્થાન સિવાય બીજા કોઈ પણ ગ્રંથમાં સિધે સિધી રીતે લખવામાં આવ્યું નથી. ટોડ રાજસ્થાનની ઘણી ખરી

હકીકત દંત કથાઓ અને ભાટોના ચોપડા ઉપરથી લખવામાં આવી છે. તેને લીધે તેના ઐતિહાસિક પુરાવાઓ અસંબદ્ધ હોય તે બનવા જોગ છે. પરંતુ અહી તો બંને ગ્રંથોનાં પ્રમાણોની ટૂંકનોંધ લઇ તેમાંથી મળતા ઐતિહાસિક પુરાવાઓ વડે તેની સ્થાપના કોને કરી અને ક્યારે કરી તેનું યથાયોગ્ય વિવેચન કરવામાં આવ્યું છે. વડનગરની સ્થાપના માટે નાગરખંડનાં અધ્યાય ૧૦ થી ૩૧ માં લખવામાં આવ્યું છે કે......

"હાલના વડનગર સ્થાન ઉપર પૂર્વ એક તપોવન હતું. તે તપોવનમાંથી બ્રહ્માજી પાતાળમાં ગયા. ત્યાંથી હાટકેશ્વર મહાદેવ લાવીને તપોવન માં સ્થાપન કર્યા. તેથી આ તપોવનનું હાટકેશ્વર ક્ષેત્ર એવું નામ પડ્યું. એક વખત આનર્ત દેશનો ચમત્કાર રાજા હાટકેશ્વર ક્ષેત્રમાં જઈ ચડ્યો. તેને કુષ્ઠનો વ્યાધી થયો હતો. તેથી તેને મટાડવા માટે અડસઠ તીર્થ ફરી વળ્યો હતો. તે રોગ મટાડવા માટે તેણે અનેક ઉપચાર કર્યા હતા. છતાં પણ તેના રોગ ની શાંતિ થઇ ન હતી. તેથી તે ફરતો ફરતો હાટકેશ્વર ક્ષેત્રમાં આવ્યો. ત્યાં તેણે વિશ્વામિત્રના આશ્રમના યાત્રાર્થે આવેલા કેટલાંક બ્રાહ્મણોને જોયા અને પોતાના થયેલા કોઢનાં રોગ ની નિવૃત્તિ માટે તેણે પ્રાર્થના કરી. ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે રાજન તમો ચૈત્ર સુદ ૧૪ નાં દિવસે ચિત્રા નક્ષત્રનો જ્યારે ચંદ્ર હોય ત્યારે અહીના શંખતીર્થમાં સ્નાન કરજો એટલે તમારો કુષ્ઠનો વ્યાધી નાશ પામશે. પછી યોગ્ય સમય આવતા ચમત્કાર રાજાએ શંખતીર્થમાં સ્નાન કર્યું. તેથી તેનો કોઢનો વ્યાધી નાશ પામ્યો. આથી તેને તે સ્થાન ઉપર નગર બંધાવી બ્રાહ્મણોને દાનમાં આપ્યું. અને પોતાના નામ ઉપરથી નગરનું નામ ચમત્કારપુર રાખી તે નગરમાં અચળેશ્વરની સ્થાપના કરી.[૨]

આ પ્રમાણે વડનગરની સ્થાપના માટે નાગરખંડમાં જણાવ્યું છે. ઐતિહાસિક રીતે જોતા આ હકીકત કેવળ કાલ્પનિક કે કપોલ કલ્પિત લાગે છે. કારણ ગુજરાતના પ્રાચીન ઈતિહાસમાંથી ચમત્કાર નામનો રાજા કે ચમત્કારપુર નગરનું નામ મળી આવતું નથી. ફક્ત તેમાં જણાવેલ દેશનું આનર્ત નામ ગુજરાતનું પ્રાચીન નામ હતું, એમ ઈતિહાસ કહે છે.

ગિરનાર પાસેનું સુદર્શન તળાવ ઈ.સ. ના બીજા સૈકામાં ક્ષત્રપ રાજા રૂદ્રદામાએ બંધાવ્યું હતું. તેના શિલાલેખમાં ગુજરાતના ઉત્તર પ્રદેશને આનર્ત તરીકે ઓળખાવ્યો છે. એટલે પ્રાચીન સમયમાં ઉત્તર ગુજરાતને આનર્ત કહેતા હતા, એમ સાબિત થાય છે. આ સિવાય ઉત્તર

ગુજરાતનું પ્રાચીન નામ આનર્ત હોવાના બીજા કેટલાક પ્રમાણો મળે છે. પણ અહી વધુ આપવાની જરૂરત રહેતી જણાતી નથી. તેથી રૂદ્રદામાના શિલાલેખનું પ્રમાણ જ બસ છે. નાગરખંડમાં જણાવેલ આનર્ત નામ પણ ઈતિહાસ અને અનુસરે છે. ઈ.સ. નવમાં સૈકામાં થઇ ગયેલ કવિ રાજશેખર પશ્ચિમ ભારતના ઉત્તર વિભાગને કાવ્ય મિમાંસામાં આનર્ત તરીકે ઓળખાવ્યો છે. આ ઉપરથી એમ સમજાય છે કે ઈ.સ.ની શરૂઆતથી કે ઈ.સ. નાં દશમાં સૈકા સુધી ઉત્તર ગુજરાતના પ્રદેશને આનર્ત કહેવામાં આવતો હતો. તે ઉપરથી વડનગરની સ્થાપના મોડામાં મોડી દશમાં સૈકા સુધીમાં થઇ હશે એમ અનુમાન કરીએ.[3]

વલભીના તામ્રપત્રોમાંથી વડનગરના આનંદપુર નગર, આનર્તપુર વગેરે નામો મળી આવે છે. આ ઉપરથી વડનગરની સ્થાપના પાંચમાં સૈકા પહેલા થયાનું જણાય છે. પણ તેથીય બે ત્રણ સૈકા પહેલા વડનગરની સ્થાપના થઇ હોવી જોઈએ તેવા પ્રમાણો મળે છે.

નાગરખંડએ સ્કન્દપુરાણનો એક વિભાગ છે. સર વિન્સેટ સ્મિથ આ માટે ઈ.સ.નાં ચોથા સૈકામાં લખાયેલ નારદપુરાણમાં પુરાણોની અનુક્રમણિકા આપી છે. તેમાં સ્કંદપુરાણનું નામ જોવામાં આવે છે. એટલે નાગર ખંડ તે સમય પહેલા રચાયો હતો, તે નિરવિવાદ છે. નાગર ખંડમાં જણાવેલી વડનગર સંબંધી હકીકત સાચી માનીએ તો તે પાંચ દશ વર્ષમાં બની ગઈ હોય તેમ જણાતું નથી. કારણ તેમાં જણાવેલ અનેક વિગ્રહો જુદે જુદે વખતે તેના રાખવામાં આવેલ અનેક અભિધાનો અને તેમાં બતાવેલ જુદા જુદા રાજાઓની હકીકત વિચારતા વડનગરની સ્થાપના ઈ.સ.ના બીજા સૈકાના પૂર્વાર્ધ કે ઉત્તરાર્ધમાં થઇ હોવી જોઈએ એમ લાગે છે.

કર્નલ ટોડે પણ વડનગરની સ્થાપના ઈ.સ.ના બીજા સૈકામાં થયાનું જણાવ્યું છે. પરંતુ તેની બીજી હકીકત નાગરખંડથી જુદી પડે છે. ટોડ સાહેબે રાજસ્થાન પુસ્તક-૧ નાં પૃષ્ટ ૨૦૨ ઉપર વડનગર ની સ્થાપનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું છે કે, 'સૂર્યવંશી કનકસેન રાજાએ લવકૂટ (લાહોર) માંથી આવી વિ.સં.૨૦૦ ઈ.સ. ૧૪૪ માં વીરનગર (વડનગર) શહેર વસાવ્યું.

આ કનકસેનના પિતાનું નામ અચલસેન હતું. આગળ જણાવ્યા પ્રમાણે ચમત્કાર રાજાએ ચમત્કારપુરની સ્થાપના કરી. અચળેશ્વર મહાદેવની સ્થાપના કરી હતી. તેથી નાગરખંડનો

ચમત્કાર તે કનકસેન રાજા હતો અને પોતાના પિતાના નામ પરથી તેને અચળેશ્વરની સ્થાપના કરી હોય એમ અનુમાન કરી શકાય.[૪]

મેવાડના રાજનગર ગામ પાસેના રાયસાગર તળાવમાં ઈ.સ.૧૬૭૬ વિ.સં. ૧૭૩૨ નો શિલાલેખ છે. તે ઉપરથી તેમજ તમિલ ભાષામાં લખાયેલું ‘નુપુરવિજય’ કાવ્યનાં પ્રમાણો વડે કનકસેન વડનગરની પ્રથમ સ્થાપના કરી હોય તેમ જણાતું નથી. કારણ રાયસાગરના શિલાલેખમાં અચલસેન અને કનકસેન નો જે વૃતાંત આપ્યો છે. તેમાં તે લવકૂટ (લાહોર) નો નહિ પણ અયોધ્યાનો રાજા હોવાનું જણાવ્યું છે. એટલું જ નહિ પણ તેને કોઈ દેશ જીત્યા હોય કે નવા શહેરો વસાવ્યા હોય તેવા ઉલ્લેખો મળતા નથી. નુપુરવિજય કાવ્યમાં કનક અને વિજય સાથે શેગુતવન રાજાએ યુદ્ધ કર્યાનું જણાયું છે. અને તેમાં કનક ને મદદ કરનાર રાજાઓનાં રૂદ્ર એટલે રૂદ્રદામા હતો. એમ નોધ્યું છે. શેગુતવન ઈ.સ.નાં બીજા સૈકામાં થઇ ગયો છે. જ્યારે રૂદ્રદામા પણ ઈ.સ.ના બીજા સૈકામાં ગુજરાત ઉપર શાસન કરતો હતો. એટલે રૂદ્રદામાએ કનકસેન ને મદદ કર્યાનું પ્રમાણિક લાગે છે. પણ પોતાને જ મદદ કરનાર રૂદ્રદામાને કનકે હરાવી તેનો દેશ પડાવી લીધો હોય તે વાસ્તવિક લાગતું નથી. વળી કનકસેન ગુજરાત ઉપર ચડી આવ્યો. હતો. તેવું એક પણ ઐતિહાસિક પ્રમાણ મળી આવતું નથી. એટલે વડનગરની સ્થાપના કનકસેને કર્યાનું ટોડ સાહેબનું કથન અસંગત લાગે છે. છતાં વડનગરની સ્થાપના બીજા સૈકામાં થઇ હશે. તેટલી હકીકત તેમની માન્ય કરવી પડે છે.[૫]

ઉપરોક્ત પ્રમાણો અને અનુમાનો વડે વડનગરની સ્થાપના ઈ.સ.ના બીજા સૈકામાં થઇ હતી. એમ માનીએ છતાં તેનો સંસ્થાપક કોણ હતો તે નિશ્ચિત થતાં તેનો સ્થાપનાકાળ આપો આપ મળી આવે છે.

નાગરખંડ ચમત્કાર રાજાથી વડનગરની સ્થાપના થયાનું જણાવે છે. પણ ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ જોતા ચમત્કાર નામનો કોઈ રાજા થયાનું જણાતું નથી. એટલે તે હકીકત કલ્પિત છે. એમ માનવાનું રહે છે. ઈ.સ. પૂર્વ ૭૦ થી ઈ.સ. ૩૯૮ સુધી ગુજરાત ઉપર ક્ષત્રપોનું શાસન હતું. અને તે સમય વડનગર ની સ્થાપના થયાનું આપણે ઉપર જણાવી ગયા છીએ. ક્ષત્રપોમાં કોઈ ચમત્કાર રાજા થયો નથી. તેમજ કોઈ ક્ષત્રપ રાજાએ નગરો કે ગામો બ્રાહ્મણો ને દાનમાં આપ્યાનું જણાયું નથી. પરંતુ પ્રથમ ક્ષત્રપ રાજા નહપાનનાં જમાઈ ઉષાવદતે અનેક

ગામો ગાયો અને ક્ન્યાદાનો આપ્યા હતા. તેમજ તીર્થોમાં પગથીયાં બંધાવ્યા હતા. એમ નાસિક, જૂન્નર અને કાર્લીના શિલાલેખો ઉપરથી જણાય છે. તેના નાશિકના લેખમાં લખ્યું છે કે....

"ક્ષહરાતવંશના ક્ષત્રપ રાજા નહપાનનાં જમાઈ ઉષાવદતે ત્રણ લાખ ગાયોનું દાન કર્યું. પર્ણાસા(બનાસ) નદી ઉપર પગથીયાંનો ઘાટ બંધાવ્યો. દેવાર્ચનાથે તેણે બ્રાહ્મણોને ૧૬ ગામો દાનમાં આપ્યા. પ્રતિવર્ષ ૧ લાખ બ્રાહ્મણોને ભોજન કરાવતો હતો. તેમજ પુણ્યતીર્થ પ્રભાસ ક્ષેત્રમાં જઈ તેણે આઠ બ્રાહ્મણોને કન્યદાન આપ્યા હતા"[૬]

આથી જોઈ શકાય છે કે ધાર્મિક અને મહાન દાનેશ્વરી હતો. જો કે તે વિદેશીય જાતિનો હતો. છતાં તેની બ્રાહ્મણધર્મ ઉપર અપૂર્વ શ્રદ્ધા હતી. ઉષાવદત ઈ.સ નાં બીજા સૈકામાં થયો હોવાનું જણાય છે. કારણ તેનો વહેલામાં વહેલો લેખ શાકે ૪૦ ઈ.સ.૧૧૮ અને છેલ્લામાં છેલ્લો લેખ શાકે ૪૬ ઈ.સ.૧૨૪નો જોવામાં આવે છે. ઉષાવદત મહાદાની હતો તેણે વડનગરની સ્થાપના કરી બ્રાહ્મણોને દાનમાં આપ્યું હોય તો તે અસંભવિત નથી. ત્યારે પ્રશ્ન થાય કે ઉષાવદાતનું ચમત્કાર નામ નાગરખંડના કર્તાએ શા માટે રાખ્યું હશે? તેની વિચાર કરતા તેના સમર્થમાં એમ સમજાય છે કે ઉષાવદત શક જાતિનો હતો અને તેવા વિદેશી જાતિના રાજાનું પુરોહિતપણું કરવું તેમજ દાન લેવું શાસ્ત્રથી નિંદિત હોવાને કારણે ક્ષત્રપ રાજાઓના નામ બદલી આર્ય નામ દાખલ કર્યા હશે. આ સિવાય પુરાણની અતિપ્રાચીનતા બતાવવાનો પણ તેમાં ઉદ્દેશ સમાયેલો જણાય છે. આને લઈને જ નાગરખંડના કર્તાએ બુદ્ધિ પૂર્વક તેના ખરા નામ બદલી કલ્પિત નામ મુક્યા છે. ઉષાવદાતની સ્ત્રીનું નામ દક્ષમિત્રા હતું. જ્યારે નાગરખંડના ચમત્કાર રાજાની સ્ત્રીનું નામ દમયંતિ જણાવ્યું છે. દમયંતી અને દક્ષમિત્રા નામોમાં ઘણું જ સામ્ય જોવામાં આવે છે આથી પણ ઉપરોક્ત અનુમાનોને પુષ્ટિ મળે છે. તેથી જણાય છે કે, નાગરખંડનો ચમત્કાર તે ક્ષત્રપ રાજા નહપાનનો જમાઈ ઉષાવદાત હતો અને તેને પોતાના સમય દરમ્યાન એટલે ઈ.સ. નાં બીજા સૈકામાં વડનગરની સ્થાપના કરી હતી.

આ પ્રમાણે ઐતિહાસિક પ્રમાણો અને સબળ અનુમાનો વડે ઉષાવદાત થી જ વડનગર ની સ્થાપના થયાનું બતાવવામાં આવ્યું છે. છતાં કોઈ વિદ્વાન બીજા મજબુત પ્રમાણોના આધારે બીજા કોઇથી થયાનું જણાવાશે તો તેથી વડનગરના ઈતિહાસ ઉપર વધુ પ્રકાશ પાડી તેનો મત

ગ્રહણ કરવામાં આવશે. પરંતુ જ્યાં સુધી આ વિરુદ્ધ કાંઈ પણ હકીકત ન મળે ત્યાં સુધી તો વડનગરની સ્થાપના ઉષાવદાત થી જ થઇ હતી. એમ માનવું પડશે.[૭]

વલભીપુરનો નાશ ઈ.સ.૭૭૬ માં આરબોએ કર્યો. એ પછી ગુજરાત ઉપર કોની સતા હતી તે જાણવા માટે કોઈ પુરાવા ઉપલબ્ધ નથી. વલભીપુરનાં નાશ બાદ પચાસ કે સાઠ વર્ષ સુધી ગુજરાત ઉપર અરાજકતા રહી હતી. વનરાજ ચાવડા એ વિ.સં. ૮૦૨ માં અણહીલપુર પાટણ વસાવ્યું હતું. વનરાજ ચાવડાની સત્તા ગુજરાતના ઘણા પ્રદેશો પર હતી. અને તે સમયથી વડનગર ચાવડાઓની સત્તા હેઠળ આવ્યું હશે એમ જણાય છે.

ચાવડા પછી ગુજરાત ઉપર સોલંકીઓની સત્તા સ્થપાઈ હતી. અને વડનગર પણ સોલંકી રાજ્ય શાસનમાં હતું. તેમ પુરાવાઓ ઉપરથી જણાય છે. વડનગરનો કોટ કુમારપાળે બંધાવ્યો હતો. એમ તેના શીલાલેખોમાંથી જણાય છે. એટલે સોલંકીઓની સતા વડનગર પર હતી. એમ પ્રતિપાદિત થાય છે. સોલંકી પછી ગુજરાત પર વાઘેલાઓની સત્તા સ્થપાઈ હતી.

આ સમયે સમસ્ત ગુજરાત તેમના તાબામાં હતું. તેથી વડનગર પણ તેમના તાબામાં હતું એમ જણાય છે. ગુજરાતની હિન્દુ રાજયસત્તાનો નાશ ઈ.સ. ૧૨૯૭ માં દિલ્હી નાં બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીના ભાઈ અલપખાને કર્યો. ત્યારથી ગુજરાત ઉપર મુસલમાનની સત્તા દાખલ થઇ મુસલમાનની રાજ સત્તા દરમ્યાન વડનગર વિષે આનાથી વિશેષ કોઈ હકીકત જણાતી નથી.

૧૫૭૩ માં અકબરે ગુજરાત જીતી લઇ ગુજરાતની સ્વતંત્ર મુસલમાની સલ્તનતનો અંત આણ્યો. અકબરે ગુજરાતની ઉપર જ્યારે બીજી વખત ચડાઈ કરી ત્યારે વડનગરનો કિલ્લો સર કર્યો હતો. એ પછી ઔરંગઝેબના રાજ્ય અમલ દરમ્યાન ઈ.સ.૧૬૯૪ માં ફોજદાર મહંમદ દ્વારા શ્રી હાટકેશ્વર મહાદેવના મંદિરનો નાશ કરવામાં આવ્યો હતો. ઔરંગઝેબ પછી ગુજરાતની રાજકીય પરિસ્થિતિ વધારે વણસી અને ગુજરાતમાં આંતર વિગ્રહ શરૂ થયો. આવા સમયે ઈ.સ.૧૭૨૬ માં મરાઠા સરદાર કાન્દાજી કદમબાન્દેએ વડનગર ઉપર આક્રમણ કરી નગરને લુંટ્યું એટલું જ નહિ. પણ સંપૂર્ણ સળગાવી દેવાયું પાછળથી ગુજરાતના મુઘલ શાસકોના સુબેદારોની નબળાઈનો લાભ લઇ મરાઠા સરદાર દામાજીરાવ ગાયકવાડે સંધી કરી જે મુજબ

વિસનગર, વડનગર, પાટણ અને વિજાપુર પરગણાઓ દામાજીરાવ ને સોપ્યા હતા. ત્યારથી વડનગર ઉપર ગાયકવાડી સત્તા દાખલ થઇ.૮

**વિવિધ નામો :-**

વડનગર આ અગાઉ જુદા જુદા નામોથી ઓળખાતું હતું. નાગરખંડમાં જોતા જણાય છે કે વડનગરના ચમત્કારપુર, આનંદપુર, સ્કંદપુર અને નાગર એમ ચાર જુદા જુદા નામો પાડ્યા હતા. કવિ વલ્લભે "નગરોત્પતિ" નામના પુસ્તકમાં આ શહેરના ચમત્કારપુર, માનપુર, આનંદપુર અને વડનગર એમ ચાર નામો ગણાવ્યા છે. વલભી તામ્રપત્રોમાંથી નગર, આનંદપુર અને આનર્તપુર નામો મળી આવે છે. વડનગર અર્જુનબારી દરવાજાના શિલાલેખ ઉપરથી આનંદપુર અને નાગર નામો ઉપલબ્ધ થાય છે. આ સિવાય "સુરથોત્સવ" કાવ્યમાં ગુર્જરેશ્વર પુરોહિત સોમેશ્વર દેવે વડનગરનું નાગર નામ જણાવું છે. ચિત્તોડના રસિયારાજની છત્રીના શિલાલેખમાંથી તેમજ ગુહણોત નેણસીની ખ્યાતમાંથી આનંદપુર નામ મળી આવે છે. નિર્ણયદીપકના કરતા અચલ દ્વિવેદીએ વડનગરનું વૃદ્ધનગર નામ જણાવ્યું છે.

આ પ્રમાણે વડનગર ચમત્કારપુર, આનંદપુર, સ્કંદપુર, આનર્તપુર, નગર, માનપુર, મદનપુર, વૃદ્ધનગર અને વડનગર એમ અનેક નામ હોવાનું જણાય છે. પરંતુ આ નામ શાથી પડ્યા ક્યારે પડ્યા અને કોને પાડ્યા વગેરે સપ્રમાણ પુરાવાઓ ક્રમબદ્ધ મળી શકતા નથી. પણ નાગરખંડ તથા અન્ય ગ્રંથોના આધારે જે તે સમયની ઐતિહાસિક પરિસ્થિતિ વિચારી તે નામો ક્યારે અને શાથી પડ્યા તે વિષયની ઠીક ઠીક ચર્ચા કરવામાં આવી છે.

**ચમત્કારપુર:-**

સ્કંદપુરાણમાં હાટકેશ્વર ક્ષેત્રમાં ચમત્કારપુર હોવાનો ઉલ્લેખ થયેલો છે.૯ ચમત્કારપુર નામ વડનગરની પ્રથમ સ્થાપના કરનાર ચમત્કાર રાજાના નામ ઉપરથી પાડવામાં આવ્યું હતું. એમ નાગરખંડમાં જણાવ્યું છે ચમત્કાર નામ કાલ્પનિક છે. એમ વડનગરની સ્થાપનાની વિગતોમાં આગળ કેટલાક પ્રમાણો વડે સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે. એટલે રાજાના નામ અનુસાર પાડવામાં આવેલ શહેરનું નામ પણ પુરાણકાળની કેવળ કલ્પનાનું જ પરિણામ છે. આથી ઐતિહાસિક રીતે ચમત્કારપુર નામ પડ્યું હશે કે કેમ? તે શંકાસ્પદ છે. નાગરખંડ સિવાય પ્રાચીન પુસ્તકોમાં કે શિલાલેખમાંથી ચમત્કારપુર નામ મળી આવતું નથી અને જ્યાં સુધી તેને

માટે પ્રામાણિક સાધનો ન મળે ત્યાં સુધી નાગરખંડનું આ કથન શંકાસ્પદ ગણીએ તો ખોટું નહિ કહી શકાય.

**આનંદપુર :-**

આનંદપુર નામ કેમ પડ્યું અને ક્યારે પડ્યું તે માટે ગુજરાતના ઐતિહાસિક ગ્રંથોમાં કંઈ પણ લખવામાં આવ્યું નથી. પણ વડનગર આનંદપુર તરીકે ઓળખાતું હોવાના અનેક પુરાવા મળે છે. પહેલું આનંદપુર નામ આગળ જણાવ્યું તે મુજબ વલભી સંવત ૨૨૧ ઈ.સં. ૫૪૧ નાં મહારાજા ધ્રુવસેનનાં તામ્રપત્રમાંથી મળે છે. આ પછી શિલાદિત્ય ૩જાના શિલાલેખમાં પણ આનંદપુર નામનો ઉલ્લેખ થયો છે.[૧૦] એજ રીતે કુમારપાળના સમયની વડનગર પ્રશસ્તિમાં પણ વડનગરનું આનંદપુર નામ જણાવ્યું છે. હવે આનંદપુરનું નામ કેમ પડ્યું એ વિશે જોઈએ. આ માટે નાગરખંડના ૪૦મા અધ્યાયમાં જણાવ્યું છે કે, ચમત્કારપુર પાસે એક તળાવ હતું. બ્રહ્માજી એ તેનો જીર્ણોદ્ધાર કરી તેનું નામ સારસ્વતહદ રાખ્યું. અને તેના કિનારા ઉપરથી શીલાનું ચિત્રશીલા નામ પડી, તેનું તળાવ નાગ લોકોને અર્પણ કર્યું. આ તળાવમાં ચમત્કારપુરનાં બ્રાહ્મણો જે નિત્ય સ્નાન કરવા આવતા હતા તેમને નાગલોકો વારંવાર સતાવતા હતા. એક વખત એક મણક નામના ઋષિ ફરતા ફરતા ચમત્કારપુરમાં આવ્યા અને સારસ્વતહદની ચિત્ર શીલા ઉપર બેસી ઉગ્ર તપ કરવા માંડ્યું. કેટલાંક વખત આવું ઉગ્રતપ કરવાથી તપની સિદ્ધિ રૂપે તેમના હાથમાંથી શાક નામનો રસ ઝરવા લાગ્યો અને તેથી ઉન્મત બની મણક ઋષિ નૃત્ય કરવા લાગ્યાં. મણકનાં તપ અને નૃત્યથી સંતુષ્ટ થઇ શંકર પ્રસન્ન થયા અને નાગલોકોનો પરાજય કરી ગર્વ ઉતાર્યો. તેમજ મણકને વરદાન આપી કહેવા લાગ્યાં કે "હે ઋષિ હું તમારા તપથી ખુબ પ્રસન્ન થયો છું. વરદાન આપું છું કે, મારા પ્રતાપથી તમારું તપ નિત્ય વૃદ્ધિ પામશે. અને હું તમારી સાથે અહિયાં નિરંતર વાસ કરી, આનંદેશ્વર નામથી પ્રસિદ્ધ થઈશ. મારા નામ ઉપરથી આ નગરનું નામ પણ આનંદપુર કહેવાશે.[૧૧]

**આનર્તપુર :-**

આનર્તપુર નામ વડનગર વિષે હોવાના કેટલાક પુરાવા મળ્યા છે. મૈત્રક રાજવીઓના વલભી તામ્રપત્રમાં તેનો ઉલ્લેખ થયેલો છે. ઈ.સ.૫૪૫ ગુપ્ત સંવત ૨૨૬ માં ધારસેન ૧ લા એ વલભીમાંથી આનર્તપુરનાં બ્રાહ્મણ ને સોપોકેન્દ્રક મંડલીમાની જમીન દાનમાં આપ્યાનું તામ્રપત્ર

છે. તેમાં વડનગર ને આનર્તપુર કહેલું છે.[૧૨] આ સિવાય ઈ.સ.૬૦૬ નાં શિલાદિત્ય ૧ લાના તામ્રપત્રમાં પણ વડનગરને આનર્તપુર તરીકે ઓળખાવેલ છે.[૧૪] વડનગરને આનર્તપુર શા માટે કહેવામાં આવતું તેને માટે કંઈ પણ સપ્રમાણ હકીકત કે દંતકથા મળી આવતી નથી. પણ અનુમાનથી સમજાય કે આનર્ત દેશના મુખ્ય નગરને આનર્તપુર કહેવામાં આવતું હશે. આથી જણાય છે કે ઈ.સ. નાં છઠ્ઠા સૈકામાં વડનગરને આનંદપુર સાથે આનર્તપુર પણ કહેતા હતા.

**નગર :-**

'નગર' એટલે મોટું શહેર એમ સાદો અર્થ કરવામાં આવે છે. પાણીની વ્યાકરણનાં ટીકાકાર કત્યાયને લખ્યું છે કે જ્યાં આગળ પર્વતો જેવા મહેલો છે. એવા શહેરને નાગર કહેવામાં આવે છે. વડનગરનાં નામોમાં 'નગર' નામનો ઉલ્લેખ પણ જોવા મળે છે. હાલના વડનગરનાં અર્જુનબારી દરવાજામાં કુમારપાળનું નગરકોટ બંધાવ્યાનો શિલાલેખ છે. તેમાંથી પણ વડનગરનું નામ 'નગર' ઉપલબ્ધ છે. વડનગરનું 'નગર' નામ શાથી પડ્યું તે સંબંધમાં નાગરખંડના અધ્યાય ૧૧૩ થી ૧૧૭ માં પૌરાણિક કથા આપવામાં આવી છે. નાગરખંડ પ્રમાણે એક વખતે આનર્ત દેશના પ્રભંજન રાજાને ત્યાં કુષ્ટ યોગમાં પુત્ર પ્રસવ થયો તેથી તેની શાંતિ માટે તેને ચમત્કારપુરનાં બ્રાહ્મણો પાસે એક યજ્ઞ કરાવવા માંડ્યો. પણ યજ્ઞથી શાંતિ થવાને બદલે રાજાને ત્યાં મોટા ઉત્પાતો થવા લાગ્યાં. દેશમાં મહામારી ફાટી નીકળી, હજારો મનુષ્યો અને પશુઓ મરવા લાગ્યાં. આથી રાજા એ બ્રાહ્મણો ને યજ્ઞનાં દુષ્ટ ફળ માટે પૂછ્યું. આથી બ્રાહ્મણો ક્રોધાયમાન થઈને યજ્ઞકુંડનાં અગ્નિદેવને શાપ આપવા તૈયાર થયા. આમ થવાથી અગ્નીદેવ કોપિત થઇ કહ્યું કે તમારામાં કોઈ ત્રિજાત(વર્ણશંકર) પુરુષ છે. તેથી જ યજ્ઞનું યથોક્ત ફળ નહિ આવતા ખરાબ પરિણામ આવ્યું છે. અગ્નિદેવનાં પ્રભાવથી યજ્ઞકુંડ જળથી ભરાઈ ગયો. બ્રાહ્મણો પોતાની શુદ્ધિ સાબિત કરવા યજ્ઞકુંડમાં પડી સ્નાન કરવા લાગ્યાં. આ બધામાં પ્રભાવદત્ત પોતાની જાતને દુષિત માની વનમાં ચાલી નીકળ્યો. અને તેને ઉગ્ર તપશ્ચર્યા કરી. મહાદેવને પ્રસન્ન કર્યા. આ બાજુ નાગલોકો ચમત્કારપુરના બ્રાહ્મણો ને ત્રાસ આપવા લાગ્યાં. આથી પ્રભાવદત્ત તેમણે આશ્વાસન આપ્યું. અને મહાદેવનું ધ્યાન ધર્યું. આથી શિવજી પ્રગટ થયા અને કહેવા લાગ્યાં હું તમને એક મંત્ર આપું છું જેના શ્રવણથી જ નાગલોકો ઝેર વગરના થઇ જશે. આ પછી તેમણે નગર એવો મંત્ર આપ્યો અને કહ્યું આ મંત્ર ઉચ્ચ સ્વરે બોલશો એટલે મારા પ્રભાવથી નાગો નિર્વિષ બની જશે. અને આજ થી તામારા શહેરનું નામ

પણ મંત્રના નામ પ્રમાણે નગર એવું રાખજો. આ પ્રમાણે ચમત્કારપુર નાં બ્રાહ્મણો મોટેથી નગર મંત્ર બોલવા લાગ્યાં. તેથી નાગો નિર્વિષ થઇ ગયા તે સમયથી શહેરનું નામ "નગર" પડ્યું.[૧૪]

**વૃદ્ધનગર :-**

વડનગર વૃદ્ધનગર નામ ચૌદમાં સૈકા પછી રાખવામાં આવ્યું હશે એમ જણાય છે. ઈ.સ.નાં પંદરમાં સૈકામાં થયેલ અચલ દ્વિવેદીએ પોતાની નિર્ણયદીપક નામના પુસ્તકમાં વૃદ્ધનગરની વ્યાખ્યા કરતા લખ્યું છે. કે જ્યાં વિદ્યાવૃદ્ધો, જ્ઞાનવૃદ્ધો અને ધર્મવૃદ્ધો રહે છે. તેવા નગરને વિદ્વાનો વૃદ્ધપુર કહે છે.

આથી જણાય છે કે, તે સમયમાં વડનગરને વૃદ્ધપુર કહેતા હતા. આ સિવાય ઈ.સ.૧૪૫૧ વિ.સં.૧૫૦૧ ની સાલમાં લખાયેલ શાંખાયન સુત્રની અંત્ય પુસ્તિકામાં લખ્યું છે કે વેદમૂર્તિ નાગર બ્રાહ્મણ વ્હોરા જયશંકર હરજીવને આ પુસ્તક વિક્રમ સંવત ૧૫૦૧ માં વૃદ્ધનગર માં લખ્યું હતું. આ બધા ઉપરથી જાણી શકાય છે કે ઈ.સ.નાં ચૌદમાં સૈકા પછી વડનગર વૃદ્ધનગર તરીકે ઓળખાતું હતું.[૧૫]

આ સિવાય વડનગરનાં વર્ગખંડ, મદનપુર, સ્કંદપુર નામો પડ્યા હતા. પણ તે ક્યારે પડ્યા અને કેમ પડ્યા તેના સપ્રમાણ પુરાવા નથી મળતા.

**વડનગર :-**

વડનગર એ નામ વૃદ્ધનગર નું અપભ્રંશ થયેલું નામ છે. અને તે લગભગ પંદરમાં સૈકાથી કહેવાતું હતું. એમ જણાય છે. ઈ.સ.૧૪૪૧ માં થઇ ગયેલા જૈનાચાર્ય મેરૂકીર્તીએ જૈનશાશ્વત તીર્થમાળામાં, જૈનતિર્થોમાં વડનગર નામ લખેલું છે. આ સિવાય બીજા અનેક પુરાવાઓ વડનગર નામ સંબંધી મળી આવે છે. છતાં ત્યાર પછીના કેટલાંક પુસ્તકોની પ્રશસ્તિ માં વૃદ્ધનગર પણ લખાયેલું જોવામાં આવે છે. આથી જણાય છે કે, ચૌદમાં સૈકા પછી વડનગર અને વૃદ્ધનગર એમ બે નામ આ શહેર માટે પ્રચલિત હતા. ઘણું કરીને વૃદ્ધનગર નામ વડનગરનું સંસ્કૃત રૂપ આપવા માટે લખાતું હોય એમ જણાય છે.[૧૬]

**વડનગરનો ઈતિહાસ :-**

ગુજરાતમાં આનર્ત વિભાગ વધુ વિસ્તારવાળો અને પૌરાણિક તેમજ ઐતિહાસિક દ્રષ્ટિએ વધુ મહત્વ ધરાવતો આનર્ત નામ જુદા જુદા કાલે અમુક વિભાગો માટે વપરાયું હોવાના પુરાવા મળે છે. સૌરાષ્ટ્રના કિનારાનો કેટલોક વિભાગ આનર્ત તરીકે ઓળખાતો હોવાનું મહાભારતમાં જણાયું છે. અર્થાત તે કાલે આનર્તની મર્યાદા ગુજરાત કાઠિયાવાડના સમસ્ત પ્રદેશ સુધી હોવાનું જણાય છે. ત્યાર બાદ પરિસ્થિતિ અને કાળબળને કારણે ફેરફારો થતાં પાછળથી ફક્ત ઉત્તર ગુજરાતનો પ્રદેશ જ આનર્ત તરીકે ઓળખાવા લાગ્યો. આમ ઈ.સ.પૂર્વ મહાભારત કાલીન આનર્ત અને સ્કંદકાલીન એટલે ચોથા પાંચમાં સૈકાના આનર્તની મર્યાદા અને પ્રાદેશિક વિભાગોમાં મોટા ફેરફારો થતાં પાછળથી ઉત્તર ગુજરાતનો અમુક વિભાગ આનર્ત તરીકે વધુ વિખ્યાત થયો હોવાનું પુરાણો અને શિલાલેખોનાં આધારે જાણવા મળે છે.

મહાભારતકાલીન આનર્તનું મુખ્ય શહેર આનર્તપુરી યાની કુશસ્થલી હોવાનું ભાગવતકારે જણાવ્યું છે. જ્યારે ઈ.સ. પછીના આનર્તનું મહાનગર આનર્તપુર હાલનું વડનગર હોવાનું વલભી દાનપત્રોને આધારે  જાણી શકાય છે.  ટૂંકમાં ગુજરાતના પ્રાચીન મનાતા હાલના શહેરો પાટણ, ખંભાત, વિસનગર, વિજાપુર, અમદાવાદ વગેરેનું જ્યારે અસ્તીત્વ પણ ન હતું. ત્યારે આનર્તપુર કે આનંદપુર ગુજરાતના એક મહાનગર તરીકે પ્રસિદ્ધિમાં આવ્યું છે. પૌરાણિક દ્રષ્ટિએ મહાતિર્થ સ્થાન તરીકે જેટલું મહત્વ પુરાણકારોએ આ નગરને આપ્યું છે. તે જ પ્રમાણે તે એક જૈન તિર્થ સ્થાન તરીકે ઓળખાતું હોવાનું જૈન સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં જણાવ્યું છે.

નિશીથસુત્રની પૂર્ણિમાં તેનું અર્કસ્થલી નામ આપેલું છે. આ નામ સૂર્યપૂજાનું દ્યોતક છે. આનંદપુર (વડનગર)માં અનેક સૂર્ય પ્રાસાદો હોવાનું નાગર ખંડમાં નોંધ્યું છે ત્યાં સાંબાદિત્ય, નારાદિત્ય, મુંડિર, કાલપ્રિય, મુલસ્થાન, પુષ્પાદિત્ય અને શંખાદિત્ય વગેરેના સ્થાનો હોવાનું જણાવ્યું છે. આ ઉપરાંત સૂર્યપૂજાને આનુંષાગિક રીતે મદદ કરતા આર્કેશ્વ અને પુષ્પાદિત્યેશ્વરના શિવમંદિરો ત્યાં સૂર્યપૂજા પ્રચલિત હોવાની પ્રતીતિ આપે છે. આનંદપુરને સ્થળપત્તન  તરીકે ઓળખવામાં આવતું હોવાનું બ્રુહત્કલ્પસુત્રકારે નોંધ્યું છે. આવું બીજું ઉદાહરણ આ નગરના કોટ માટે રજુ કરતા તેની ઈંટોનો પ્રકાર(કોટ) હોવાનું નોધ્યું છે. વડનગરનો કિલ્લો સં.૧૨૦૮ માં ચૌલુક્ય રાજેન્દ્ર કુમારપાળે બંધાવ્યો હતો એ તેની 'પ્રકાર પ્રશસ્તિ' ઉપરથી જાણવા મળે છે.

આ નગર જૈનોના પવિત્ર કલ્પસૂત્રની ધર્મકથા, વીર નિર્વાણ સં. ૯૯૩ વિ.સં.૫૨૩ માં ધ્રુવસેન રાજાને તેના પુત્ર વીરસેન નાં મરણથી થયેલ શોકની સાત્વના માટે સંભળાવામાં આવી હતી. આ પ્રસંગ ત્યાં જૈન  સંપ્રદાયની સારી એવી પ્રતિષ્ઠા જામી હોવાનું સૂચવે છે. આ સિવાય તે એક પ્રસિદ્ધ જૈનતિર્થ હોવાનું બીજા કેટલાંક પ્રાચીન ઉલ્લેખો પરથી પણ જાણી શકીએ છીએ. મથુરાથી આનંદપુરમાં જતાં અને આનંદપુરથી મથુરા જતાં તેમજ આનંદપુરમાં જ નિવાસ કરતા કેટલાંક સાધુઓની નોંધ નિશીથચૂર્ણી, વ્યવહારસુત્ર, તેમ જ સુત્રકૃતાંગસુત્ર વગેરે ગ્રન્થોમાથી મળે છે. વટેશ્વરસૂરિએ નોંધ કુવલયમાલામાં આપી છે. આ આકારાવદ્ર આનંદપુર હોવું જોઈએ. એમ પુરાતત્વવિદ આચાર્ય જિનવિજયજીએ અનુમાન કર્યું છે. પાછળથી આ નામનું શહેર રાજસ્થાનમાં હતું એમ જાણવામાં આવ્યું છે.

કથાવાળી, સમ્યક વગેરે ગ્રંથોમાં તેનું ચૌકારપુર કે ચુંકારપુર નામ જણાવતા એક જૈન તીર્થ તરીકે તેની નોંધ કેટલેક સ્થળે લેવાઈ છે. ઈ.સ.૧૪૦૦ વિ.સં.૧૪૯૬ માં થયેલ જૈનચાર્ય મેરૂકીર્તિરચિત જૈન શાશ્વત તિર્થમાલામાં વડનગરને બીજા જૈન તિર્થોની સાથે વડું નગર તરીકે ઓળખાવ્યું છે.[૧૭]

પૌરાણિક પરંપરાઓ આનર્તપુર સૌ પ્રથમ વ્યક્ત કરે છે. આ આનર્તપુર તે આનંદપુર અને હાલનું વડનગર એમ વિદ્વાનો માને છે. આ વડનગર ગુજરાતના ઇતિહાસમાં સંસ્કાર કેન્દ્ર તરીકે રહ્યું છે. જેમને કોઈએ આ સ્થાન જોયું હશે તેમની નજરે એક વિચિત્ર વસ્તુ ચઢશે. એની શેરીઓ કે રસ્તાની એક બાજુએ ઢગ ઉપર ઢગ ચડ્યા હોય અને તેના ઉપર નવા મકાનો હોય જ્યારે બીજી બાજુએ તળીયે મકાન હોય જ્યાં જેને વિષે જરા અતિશયોક્તિ કહી શકાય કે નીચેનાં તળીયાનાં મકાનનું છાપરું આવતું હોય તેને સમાન ઢગવાળા મકાનનો ઓટલો હોય કોઈ પણ પુરાતત્વવિદ ઉપલકિયા નજરે પણ કહી શકે કે આ સ્થાન ખોદકામ ભારતના ઈતિહાસ માટે ઘણી જ સામગ્રી પૂરી પાડે પણ ગુજરાતના બીજા પ્રાચીન સ્થળો વિષે જે ફરિયાદ છે. તે આ સ્થળ વિશે પણ છે.

લાટ પ્રદેશમાં જે ભૃગુકચ્છ આર્યીકરણનું પ્રાચીન કેન્દ્ર મનાય છે. તેમ આનર્તમાં આનર્તપુર મનાય છે. પુરાણો પ્રમાણે મનુ વૈવસ્લતનાં પુત્ર શર્યાતિને ભારતખંડનો દક્ષિણ પશ્ચિમ ભાગ મળ્યો હતો. શર્યાતીના પુત્ર આનર્તએ આનર્ત દેશ વસાવ્યો આ આનર્તેનો એક

અર્થ જ્યાં આર્યોનો ઋતધર્મ, યજ્ઞધર્મ પ્રચારમાં ન હતો તેવા દેશ પૂર્વ વૈદિકાકાલનાં આર્યેતરો અને આર્યેએ અને તેમના સંસ્કારોએ ભારતને ઘડ્યું છે. તેથી આ આનર્ત વાડીક આર્ય હશે કે પૂર્વ વૈદિક આર્યેતર હશે કે બંનેનાં મિશ્રણ પછીની પેદાશ હશે તે કહેવું મુશ્કેલ છે. જો "ઋત" ને વૈદિક સંસ્કારનું સૂચક ગણીએ તો આ આનર્ત પૂર્વ વૈદિક ગણાય. મિશ્રણ પછી ઉત્તર વૈદિક ગણાય.[૧૮]

ગુજરાતમાં પ્રાચીન નગરોમાં વડનગરનું સ્થાન પ્રથમ પંક્તિમાં આવે છે. પશ્ચિમ ભારતના ગિરિનગર, ખંભાત, ભરૂચ, શુર્યારક, વર્ધમાનપુર, મહીનગર અને વલભી વગેરે નગરોની સાથે વડનગર અતિ પ્રાચીન કાળનું મહાનગર ગણાય છે. પશ્ચિમ ભારતનો ઘણો ખરો ભાગ આનર્ત તરીકે ઓળખાતો. મહાભારત, ભાગવત, વાયુ અને મત્સ્યપુરાણમાં દ્વારિકા પર્યતનાં સમસ્ત વિભાગને આનર્ત સંજ્ઞા આપી છે. બ્રહ્માંડ, મત્સ્ય અને વાયુપુરાણનાં ભુવાન્કોશ વર્ણનોમાં આનર્તને સૌરાષ્ટ્રથી અલગ પશ્ચિમ ભારતના કચ્છ, સૌરાષ્ટ્ર, અર્બુદ વગેરે જુદા જુદા વિભાગો સૂચવ્યા છે.[૧૯] સ્કંદપુરાણનાં નાગરખંડ માં વડનગરનો સંપૂર્ણ ઈતિહાસ પૌરાણિક રીતે આપેલો છે. અને તેમાં ચમત્કારપુર ની સ્થાપના કોને કરી અને શા માટે કરી તેના વિવિધ નામો શા માટે પાડ્યા વગેરેનો ઈતિહાસ વિસ્તારથી આપેલો છે. પણ ઐતિહાસિક રીતે તપાસતા નાગરખંડના જણાવેલ નામોવાળા રાજાઓ ગુજરાત ઉપર થયાનું જણાતું નથી. નાગરખંડ ચમત્કાર રાજાથી વડનગરની સ્થાપના થયાનું જણાવે છે. પણ ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ જોતા ચમત્કાર નામનો કોઈ રાજા થયાનું જણાતું નથી. પણ રા.રા.માનશંકર મહેતા આ રાજાઓ ગુજરાત ઉપર થઇ ગયા હતાં એમ માને છે. તેના સમર્થનમાં તેઓ જણાવે છે કે, વડનગરની સ્થાપના મોડામાં મોડી ઈ.સ. નાં બીજા સૈકાના પૂર્વાર્ધમાં થઇ હતી. આ સમયે ગુજરાત ઉપર ક્ષત્રિયો રાજ કરતા હતા. ક્ષત્રિયો શક જાતિના હોવાના કારણે તેવા વિદેશી જાતિના રાજાઓનું દાન પ્રતિગ્રહ તેમજ પુરોહિતપણું શાસ્ત્ર વિરુદ્ધ હોવાને લીધે નાગરખંડમાં કર્તાએ બુદ્ધિપૂર્વક તે રાજાઓનાં નામો બદલીને ક્ષત્રિય રાજાઓ જેવા આર્ય નામો નાગરખંડમાં દાખલ કર્યા છે. એટલું જ નહિ પણ આ પુરાણનું અતિ પ્રાચીનપણું જળવાય બીજા પુરાણો કરતા તેનું મહત્વ વધે તે ઉદ્દેશ પણ તેમ કરવામાં સમાયેલો દેખાય છે. નાગરખંડમાં જણાવેલ રાજાઓના અને ગુજરાતના પ્રાચીન રાજાઓના વૃતાંતો લગભગ એક સરખા એક બીજાને મળતા આવતા

હોવાથી તેનું તુલનાત્મક વિવેચન માનશંકરભાઈએ વિસ્તારથી કરી નાગરખંડના રાજાઓ ગુજરાતના ક્ષત્રિય રાજાઓ હતા એમ સિદ્ધ કર્યું છે.

આ ઉપરાંત "નારદપુરાણ"માં ચમત્કારપુરનો ઉલ્લેખ મળી આવે છે. તેમાં દ્રઢન્વાના ઉપાખ્યાનમાં મણીગ્રીવ પોતાને ચમત્કારપુરનો વતની જણાવે છે. જૈન સાહિત્યમાં પણ આનંદપુર, વડનગર, ચમત્કારપુર વગેરે નામનો ઉલ્લેખ મળે છે. જૈનોના ધાર્મિક ગ્રંથોમાં અગ્રભાગ ભોગવતું "કલ્પસુત્ર" ભદ્રબાહુએ પાંચમાં સૈકામાં વડનગરમાં વાંચ્યું એમ કલ્પસુત્ર ઉપરથી જણાય છે. પરંતુ હાલના વિદ્વાનો ગુજરાતના વડનગર કરતા કાઠિયાવાડનાં વડનગરમાં તે વાંચ્યાનું માને છે. જૈનોના પ્રાકૃત ગ્રંથોમાં ચમત્કારપુર નામ કેટલીક ધર્મગાથાઓમાં જોવા મળે છે. તેમાં ચમત્કારપુર, ચુંકારપુર, ચોકારપુર વગેરે નામો વપરાય છે. વળી કથાવળી, સમ્યકત્વ, સપ્તની અને પ્રભાવક ચરિત વગેરે ગ્રંથોમાં ચમત્કારપુર ને સંબંધકર્તા વર્ણનો છે.[૨૦]

અચળગચ્છ કે જેનું બીજું નામ વિધિગચ્છ છે. તેના પરીક્રમણ સુત્રમાં ગુરુપદાવલીનાં વિભાગમાં વડનગર અને ત્યાંના નાગર વાણિયાઓના સંબંધી એક કથાનક આપવામાં આવ્યું છે. તેમાં લખ્યું છે કે વિધિગચ્છના સતાવનમાં પટ્ટધાર, મેરૂ પૂર્વાર્ધમાં થયા જે સંવંતના પંદરમાં સૈકાના પૂર્વાર્ધમાં થયા છે. તેઓ એક વખત ફરતા ફરતા વડનગરમાં આવ્યા અને ત્યાં નિવાસ કર્યો. પણ ત્યાં કોઈ જૈનનાં ઘર નહી હોવાથી આહાર નહિ મળવાથી તેમને ત્રાસ પડવા માંડ્યો તેવામાં ત્યાં નગરશેઠનો દીકરો નાગ દંશથી મરણ પામ્યો. જેથી શહેરમાં હાહાકાર થઇ ગયો. આ વાત સાંભળી મેરુતુંગસૂરિએ તે છોકરાને પોતાની પાસે લાવવા કહ્યું જ્યારે તેને તેમની પાસે લાવ્યા ત્યારે તેમણે ભગવાનના સ્ત્રોત ભણી તે છોકરાને સાજો કર્યો. આ વાતથી આકર્ષાઈ ત્યાંના નાગર વાણિયાઓએ જૈન ધર્મ સ્વીકાર કર્યો. તે સમયે વડનગરમાં ૩૦૦ નાગરવાસીઓનાં ઘરો હતા.[૨૧]

આ ઉપરાંત પૌરાણિક સાહિત્યની અનેક આડકથાઓમાં ચમત્કારપુરનાં નામ નિર્દેશ વાળા પુરાવાઓ મળી આવે છે. પરંતુ તેમાંથી વડનગરનાં ઇતિહાસને મદદ કરે તેવું કંઈ પ્રમાણભૂત માહિતી વિશેષરૂપમાં મળતી નથી. પણ હ્યુ-એન-સાંગના યાત્રા વૃત્તાંત, તામ્રપત્રો, પ્રશસ્તીલેખ, પ્રાચીન સાહિત્યો તેમજ તાજેતરમાં મળેલા ઉત્ખનન અવશેષો દ્વારા આ નગરની ઐતિહાસિકતા

સિદ્ધ થાય છે. અને વર્તમાનના પુરાતત્વ વિભાગના પ્રયાસોથી આ નગરની ઘણી બધી બાબતો તેના પર આકર્ષવા સંશોધકોને પ્રેરિત કરી રહી છે.

## -: પાદ નોંધ :-

(૧) દવે કનૈયાલાલ ભાઈશંકર, " વડનગર ", પૃષ્ઠ-૨.

(૨) એજન, પૃષ્ઠ-૧૫ થી ૨૧.

(૩) સ્કંદપુરાણ, નાગરખંડ અધ્યાય ૧૦ થી ૧૩.

(૪) દવે કનૈયાલાલ ભાઈશંકર, પૂર્વોક્ત, ક્રમાંક-૧, પૃષ્ઠ-૨૨.

(૫) ટોડ કર્નલ, " ટોડ રાજસ્થાન ", પુસ્તક-૧, પૃષ્ઠ-૨૦૨.

(૬) દવે કનૈયાલાલ ભાઈશંકર, પૂર્વોક્ત, ક્રમાંક-૧, પૃષ્ઠ-૨૪.

(૭) દેસાઈ ગોવિંદભાઈ હા., " ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ ", પૃષ્ઠ-૩૭.

(૮) દવે કનૈયાલાલ ભાઈશંકર, પૂર્વોક્ત, ક્રમાંક-૧, પૃષ્ઠ-૭૩ થી ૭૮.

(૯) સ્કંદપુરાણ, પૂર્વોકત, ક્રમાંક-૨, ૧૬-૩.

(૧૦) ગુજરાતનો ઐતિહાસિક લેખો, ભાગ-૧, પૃષ્ઠ-૨૩૦.

(૧૧) સ્કંદપુરાણ, પૂર્વોકત, ક્રમાંક-૧૦,પૃષ્ઠ-૪૨.

(૧૨) ગુ.ઐ.લેખો, પૂર્વોકત, ક્રમાંક-૧૦, પૃષ્ઠ-૪૨.

(૧૩) એજન, પૃષ્ઠ-૧૨૫.

(૧૪) સ્કંદપુરાણ, પૂર્વોકત, ક્રમાંક-૩, અધ્યાય-૧૧૩ થી ૧૧૭.

(૧૫) દવે કનૈયાલાલ ભાઈશંકર, પૂર્વોકત, ક્રમાંક-૧, પૃષ્ઠ-૪૭.

(૧૬) એજન, પૃષ્ઠ-૮,૯.

(૧૭) દવે કનૈયાલાલ ભાઈશંકર," વડનગર ", અખંડ આનંદ, ઓગષ્ટ-૧૯૫૬, પૃષ્ઠ-૯૦,૯૧.

(૧૮) પરીખ ર.છો., " પૌરાણિક નગરો ", ગુજરાતની રાજધાનીઓ, પૃષ્ઠ-૪૩,૪૪.

(૧૯) જોષી ઉમાશંકર, " પુરાણોમાં ગુજરાત ", પૃષ્ઠ-૩૭.

(૨૦) વિધિગચ્છ, પરિક્રમણ સુત્ર, પૃષ્ઠ-૧૧૨.

(૨૧) એજન, પૃષ્ઠ-૧૧૫.